વડોદરાના પાદરાનું સાંધા ગામ સૌથી યુવાન, ૩૯ વર્ષથી નીચેના ૫૩ ટકા મતદારો

વડોદરા,

લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને તૈયારીઓ ચાલી રહી છે. આ ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય એ માટે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા તૈયારીઓ સાથે મતદારોને તેમને મળેલા મતદાનના બંધારણીય અધિકારના ઉપયોગ કરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને યુવા મતદારો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. વડોદરા જિલ્લામાં સૌથી વધુ યુવા મતદારો ધરાવતું ગામ પાદરા તાલુકાનું સાંધા છે. ત્યાંની કુલ વસતીના ૫૩ ટકા મતદારો યુવાન છે. આ ગામમાંથી ૧૨૪ યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરવાના છે. સાંધા ગામમાં કુલ ૨૨૧૪ મતદારો છે. તેમાંથી ૧૧૮૮ મતદારો યુવાવસ્થા ધરાવે છે. વય જૂથ પ્રમાણે જોઇએ તો ૧૮થી ૧૯ના ૧૨૪, ૨૦થી ૨૯ના ૬૦૭ અને ૩૦થી ૩૯ વયના ૪૫૭ મતદારો છે. આવું જ બીજુ ગામ કરજણ તાલુકાનું વલણ ગામ છે. જિલ્લામાં અહીં આ વખતે સૌથી વધુ ૨૫૭ યુવાનો પ્રથમ વખત મતદાન કરવાના છે. વલણના કુલ ૮૫૦૩ મતદારો પૈકી ૪૯.૩૧ ટકા એટલે કે ૪૧૯૩ મતદારો ૩૯ વર્ષ કે તેનાથી ઓછી વયના છે.

વડોદરા જિલ્લામાં કુલ ૨૬,૩૮,૭૪૬ મતદારો પૈકી ૫૧૬૪૫ મતદારો ૧૮થી ૧૯ વયના છે અને તેઓ આ લોકસભાની ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરશે. એ પ્રમાણે જોઇએ તો કુલ મતદારોની સાપેક્ષે બે ટકા મતદારો પ્રથમ વખત મતદાન કરશે. પાદરા મતવિસ્તારમાં સૌથી વધુ ૬૧૫૬ મતદારો પહેલી વાર મતદાન કરશે. વડોદરા જિલ્લામાં કુલ ૪૧.૮૧ ટકા એટલે કે, ૧૧,૦૩,૪૪૧ મતદારો યુવાન છે. જેની ઉમર ૩૯ વર્ષથી નીચે છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ થોડા સમય પૂર્વે વડોદરામાં એક બેઠક યોજી મતદાર નોંધણીને વેગવાન બનાવવા માટે સૂચના આપી હતી. ત્યાર બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બૂથ લેવલ ઓફિસર (બીએલઓ) સુધી સતત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેના પગલે વડોદરાની ૧૦ વિધાનસભા બેઠકોમાં મતદારોનો એક પણ ભાગ એવો નથી કે જેમાં ૧૮થી ૧૯ વર્ષનો મતદાર ના હોય ! તમામ પાર્ટમાં લઘુત્તમ ૮ જેટલા તો પ્રથમ વખતના મતદારો છે. ૧૮થી ૧૯ વયના મતદારોની સમીક્ષા કરીએ તો સાવલીમાં આવા ૫૯૭૫ મતદારો છે. જેમાં વરસડામાં ૧૯૫, જાંબુગોરલમાં ૯૦, ડેસરમાં ૧૪૪, શિહોરામાં ૧૨૧, સાવલી નગરમાં ૩૪૪, વાંકાનેરમાં ૧૭૨ ઉક્ત વય જૂથના મતદારોને નોંધવામાં આવ્યા છે. વાઘોડિયા બેઠકમાં સોખડાના ૧૧ બૂથ ઉપર ૨૩૫, નંદેસરીના ૯ ભાગના ૧૫૦ સહિત શેરખી, વાઘોડિયા ગામમાં પ્રથમ વખતના મતદારોની સંખ્યા નોંધપાત્ર છે. આ બેઠક ઉપર ૫૩૫૮ મતદારો ૧૮થી ૧૯ વર્ષના છે. ડભોઇ નગરમાં જ ૧૧૪૧ યુવાનો પ્રથમ વખત મતદાન કરશે. આ ઉપરાંત કાયવરોહણ ગામના આઠ ભાગમાં ૧૫૧ પહેલી વખતના નવા મતદારો નોંધાયા છે. અહીં આવા મતદારોની સંખ્યા ૫૮૨૪ છે. વડોદરા શહેરની બેઠક ઉપર ૪૭૧૦ મતદારો ૧૮થી ૧૯ વય જૂથના છે. જેમાં સંગમ સવાદ વિસ્તારમાં ૮૮૫, ફતેહપૂરામાં ૭૨૧, સયાજીપૂરામાં ૫૨૧નો આંક નોંધપાત્ર છે. સયાજીગંજ બેઠકમાં આવા મતદારોની સંખ્યા ૪૬૩૯ છે અને સૌથી વધુ ગોરવા વિસ્તારના ૧૦૨ ભાગમાં ૧૭૮૬ મતદારો પ્રથમ વખત મતદાન કરશે. સમામાં ૫૭૯, ગોત્રીમાં ૭૩૧, કસ્બામાં ૩૮૩ મતદારો આ શ્રેણીના છે.

અકોટા બેઠકમાં નવા યુવાન ૪૬૬૧ પૈકી અટલાદરા વિસ્તારમાં કુલ ૭૮૯ જેટલા નવા મતદારોની સંખ્યા નોંધપાત્ર છે. એ બાદ રાવપૂરામાં ૩૯૮૮ મતદારો ૧૮થી ૧૯ વય જૂથના છે. જેમાં છાણી વિસ્તારના ૪૭૪, સમાના ૩૭૨, નાગરવાડાના ૫૯૪ મુખ્ય છે. માંજલપૂર બેઠકમાં ૪૭૯૦ મતદારો પ્રથમ વખત મતદાન કરશે. જેમાં તરસાલીના ૧૩૧૩, મકરપૂરાના ૯૪૩ મતદારોનો સમાવેશ થાય છે. આ તમામ બેઠકોની અહીં માત્ર ૧૮થી ૧૯ વર્ષ વય જૂથના મતદારોની સમીક્ષા કરવામાં આવી છે.

૧૦૮ વિલંબથી પહોંચતા માતાનું નિધન થયાના પુત્રનો આક્ષેપ

વડોદરા,

વડોદરા શહેરની સયાજી હોસ્પિટલ માં અવારનવાર વાદવિવાદની ઘટનાઓ સામે આવે છે. ત્યારે આજરોજ ૧૦૮ એમ્બ્યુલન્સ વિલંબથી પહોંચવાના કારણે માતાનું નિધન થયું હોવાના આક્ષેપ સાથે પુત્રએ સયાજી હોસ્પિટલમાં ભારે આક્રંદ વ્યક્ત કર્યો હતો. શહેરના ભૂતડી ઝાંપા વિસ્તારમાં આવેલ રામદેવપીરની ચાલી ખાતે રહેતા અંદાજે ૬૫ વર્ષથી લક્ષ્મીબેન દેવજીભાઈ ખુમાણ ને અચાનક છાતીમાં દુખાવો ઉપડતા ૧૦૮ એમ્બ્યુલન્સ નો સંપર્ક સાંધ્યો હતો. જોકે સમયસર એમ્બ્યુલન્સ ન પહોંચતા તેઓ રિક્ષામાં માતાને લઈ સારવાર અર્થે સયાજી હોસ્પિટલ જવા નીકળ્યા હતા. જોકે સયાજી હોસ્પિટલ પહોંચતા તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. તો બીજી તરફ ૧૦૮ એમ્બ્યુલન્સ તરફથી સમયસર પહોંચવાના સ્થાને જરૂરી વિગતો મેળવવા માટે પરિવાર અને સ્થળ બાબતે સવાલો કરતા પુત્રએ માતાના નિધનને પગલે નારજગી વ્યક્ત કરી હતી. અને અન્ય કોઈ સાથે આ પ્રકારની ઘટના ન ઘટે તે માટે તંત્રનું ધ્યાન દોર્યું હતું.

Pepsico company ભારતના મધ્યપ્રદેશમાં બીજું ઉત્પાદન સુવિધા ઉભી કરશે, પ્લાન્ટ સ્થાપવાની તૈયારીમાં છે કંપની

મધ્યપ્રદેશ,

પેપ્સિકો કંપની ભારતમાં તેની વિસ્તરણની યોજના બનાવી રહી છે. ત્યારે તેના ભાગરૂપે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં ફ્લેવર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા માટે રૂ. ૧,૨૬૬ કરોડનું રોકાણ કરશે. કંપનીના નિવેદન અનુસાર, ૨૨ એકરમાં ફેલાયેલો આ પ્લાન્ટ ભારતમાં પેપ્સિકોના પીણા ઉત્પાદનમાં વધારો કરવા માટે સ્થાપવામાં આવી રહ્યો છે. સ્થાનિક અર્થતંત્ર પર સકારાત્મક અસર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. જેની કામગીરી થોડા સમયમાં જ શરૂ કરવામાં આવશે. એક અમેરિકન બહુરાષ્ટ્રીય ખાદ્ય, સ્નેક્સ અને પીણાની કંપની છે પેપ્સીકો ભારતમાં તેનો મોટા પાયે પ્લાન્ટ સ્થાપવાની તૈયારીમાં છે. મધ્યપ્રદેશ સરકારના સમર્થનથી, અમે આ પ્રદેશના સામાજિક-આર્થિક લેન્ડસ્કેપને વધારવામાં પ્રભાવશાળી પ્રગતિ કરીને અમારી પહોંચને વિસ્તારવાનું લક્ષ્ય રાખીએ છીએ. નવું યુનિટ ભારતમાં કંપનીનું બીજું ઉત્પાદન સુવિધા હશે.કંપની પાસે હાલમાં પંજાબના ચન્નો ખાતે એક ઉત્પાદન સુવિધા છે. અગ્રણી બેવરેજ અને ફૂડ મેન્યુફેક્ચરિંગ કંપની પેપ્સિકોએ આજે જણાવ્યું હતું કે તે આસામના નલબારીમાં તેનો પ્રથમ ખાદ્ય ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. ૭૭૮ કરોડનું રોકાણ કરશે. કે ૪૪.૨ એકરમાં ફેલાયેલા આ પ્લાન્ટને ૨૦૨૫ માં શરૂ કરવાની દરખાસ્ત છે અને તેનો ઉદ્દેશ્ય આસામના ૫૦૦ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારની તકો પૂરી પાડવાનો છે.

પેપ્સિકો ઈન્ડિયાએ આસામ કૌશલ્ય વિકાસ મિશન અને રોજગાર અને કારીગરો તાલીમ નિદેશાલય સાથે મહિલા સશક્તિ કરણને પ્રોત્સાહન આપવા અને ક્ષેત્રમાં મહિલાઓની રોજગાર ક્ષમતા વધારવા માટે સલામત અને સહાયક કાર્ય વાતાવરણ બનાવવા માટે ત્રિપક્ષીય એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.

પ્રત્યક્ષ કબજા નોટીસ

ICICI Home Finance

રજીસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા - કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૧.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુરલા રોડ, અંધેરી પૂર્વ, મુંબઈ - ૪૦૦૦૫૯.
શાખા ઓફિસ : દુકાન નં. ૧૦૬, પહેલો માળ, શ્રીરામ શિખર, ન્યુ સ્ટેશન રોડ, આણંદ - ૩૮૮૦૦૧.
શાખા ઓફિસ : પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસ, એલજી શોરૂમની સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની પાછળ, મીઠાખળી છ રસ્તાની પાછળ, નવરંગપુરા - ૩૮૦૦૦૯.

આથી, **આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત નીચે દર્શાવેલ ઉધારકર્તાઓની માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ ભરી જવા જણાવેલ હતું. ઉધારકર્તા ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ મિલકતોનો કબજો લઈ લીધેલ છે. ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ** ની રકમ બોજાને આધીન રહેશે.

ક્રમ નં.	ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નું નામ/લોન એકાઉન્ટ નં.	મિલકતનું વર્ણન / પઝેશનની તારીખ	ડીમાન્ડ નોટીસની તારીખ/ડીમાન્ડ નોટીસ નીબાકી રકમ (રૂા.માં)	શાખાનું નામ
૧.	**અમિતકુમાર પરમાર (ઉધારકર્તા), પરમાર જશોદાબેન ગોવિંદભા (સહ-ઉધારકર્તા) LHAND00001418369**	પ્લોટ નં. એસપી ૧૪, રિધ્ધી રેસીડેન્સી, પેટલાદની પાસે, કરમસદ રોડ, સાંડેસર, આણંદ, ૧૫૬૪/૧૪, આણંદ, ગુજરાત - ૩૮૮૦૦૧. ચતુ:સીમા : ઉત્તરે : એસપી - ૧૩, દક્ષિણે : એસપી - ૧૫, પૂર્વે : કમ્પાઉન્ડ દિવાલ, પશ્ચિમે : એપ્રોચ રોડ. **(પઝેશનની તારીખ : ૩૧.૦૩.૨૦૨૪)**	**૨૧.૦૬.૨૦૨૩ ------ રૂા. ૧૩,૩૬,૨૮૧/-**	**આણંદ -બી**
૨.	**અમિતકુમાર પરમાર (ઉધારકર્તા), પરમાર જશોદાબેન ગોવિંદભા (સહ-ઉધારકર્તા) LHAND00001418504**	પ્લોટ નં. એસપી ૧૪, રિધ્ધી રેસીડેન્સી, પેટલાદની પાસે, કરમસદ રોડ, સાંડેસર, આણંદ, ૧૫૬૪/૧૪, આણંદ, ગુજરાત - ૩૮૮૦૦૧. ચતુ:સીમા : ઉત્તરે : એસપી - ૧૩, દક્ષિણે : એસપી - ૧૫, પૂર્વે : કમ્પાઉન્ડ દિવાલ, પશ્ચિમે : એપ્રોચ રોડ. **(પઝેશનની તારીખ : ૩૧.૦૩.૨૦૨૪)**	**૨૧.૦૬.૨૦૨૩ ------ રૂા. ૭૨,૭૩૩.૬૬**	**આણંદ -બી**
૩.	**મે. કર્મા સ્યુટ્સ એન્ડ વિલાસ એલએલપી (ઉધારકર્તા), મે. કર્મા રીસોર્ટ એન્ડ હોસ્પિટાલિટી એલએલપી (સહ-ઉધારકર્તા), અનિરૂધ સિંઘ (સહ-ઉધારકર્તા), સોલંકી હદય હરેશ (સહ-ઉધારકર્તા), રાવ અલ્પેશ મુકેશભાઈ (સહ-ઉધારકર્તા), LHAHW00001419838**	જોધપુર ક્રોસ રોડ, સેટેલાઈટ, ૧૨૪,૧૨૩, ઓફિસ નં. ૨૩૨, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૧૫. ચતુ:સીમા : ઉત્તરે : માર્જીન, દક્ષિણે : માર્જીન, પૂર્વે : ફોયલ પછી દુકાન નં. ૨૩૩, પશ્ચિમે : માર્જીન. **(પઝેશનની તારીખ : ૩૧.૦૩.૨૦૨૪)**	**૨૮.૦૬.૨૦૨૩ ------ રૂા. ૬૯,૩૯,૬૬૬/-**	**અમદાવાદ પશ્ચિમ-બી**

ઉપરોકત ઉધારકર્તાઓ / જામીનદારોઓને આથી રકમની ચુકવણી કરવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે, અન્યથા આ નોટીસના પ્રકાશન તારીખ થી ૩૦ દિવસની સમાપ્તિ પર ગીરો મુકેલ મિલકતો સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ નિયમ ૮ અને ૯ હેઠળ વેચવામાં આવશે.

તારીખ : ૦૬.૦૪.૨૦૨૪
સ્થળ : આણંદ, અમદાવાદ

અધિકૃત અધિકારી,
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ

૮ એપ્રિલે ૪ કલાક ૨૫ મિનિટનું સૂર્યગ્રહણ, દિવસભર અંધકાર છવાયેલો રહેશે

નવીદિલ્હી,

વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ હોળીના દિવસે થયું હતું. આ પછી, વર્ષ ૨૦૨૪નું પહેલું સૂર્યગ્રહણ ૮ એપ્રિલ, ૨૦૨૪, સોમવારના રોજ થવાનું છે. ધર્મ અને જ્યોતિષમાં સૂર્યગ્રહણને લગતી ઘણી માન્યતાઓ છે, પરંતુ વિજ્ઞાનમાં તેને ખગોળીય ઘટના કહેવામાં આવે છે જેના વિશે લોકો હંમેશા ઉત્સાહિત રહે છે. વર્ષનું પહેલું સૂર્યગ્રહણ ઘણી રીતે ખાસ રહેવાનું છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, આ સૂર્યગ્રહણ કુલ ૪ કલાક અને ૨૫ મિનિટ સુધી ચાલશે, જે ૫૦ વર્ષમાં સૌથી લાંબો સમયગાળો હશે. આ ગ્રહણ સંપૂર્ણ સૂર્યગ્રહણ હશે. જો કે આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં, પરંતુ અમેરિકામાં સ્પષ્ટપણે જોઈ શકાશે. આ સૂર્યગ્રહણ માટે અમેરિકામાં પણ ખાસ તૈયારીઓ કરવામાં આવી રહી છે. ભારતીય સમય અનુસાર, આ સૂર્યગ્રહણ ૮ એપ્રિલે રાત્રે ૯:૧૨ વાગ્યે શરૂ થશે અને ૧:૨૫ વાગ્યે સમાપ્ત થશે. અમેરિકાના સમય અનુસાર આ ગ્રહણ બપોરે ૨:૧૫ વાગ્યે શરૂ થશે. કુલ સૂર્યગ્રહણનો કુલ સમયગાળો ૪ કલાક ૨૫ મિનિટનો રહેશે, જેમાંથી લગભગ ૮ મિનિટ સુધી સમગ્ર પૃથ્વી અંધારામાં છવાયેલી રહેશે. જો કે તે ભારતમાં દેખાશે નહીં, આ સૂર્યગ્રહણ ઘણા દેશોમાં જોઈ શકાશે પરંતુ અમેરિકાના ઉત્તરીય ભાગમાં આ સૂર્યગ્રહણ સ્પષ્ટપણે જોઈ શકાશે. ગ્રહણ દરમિયાન અમેરિકામાં પણ ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે.

૮ એપ્રિલે અમેરિકાના ઘણા રાજ્યોમાં શાળાઓ પણ બંધ રહેશે. ત્યાંના નાગરિકોને ગ્રહણ દરમિયાન ઘરમાં જ રહેવા માટે કહેવામાં આવ્યું છે જેથી તેઓ સૂર્યના હાનિકારક કિરણોથી સુરક્ષિત રહી શકે. ૮ એપ્રિલે સૂર્યગ્રહણને લઈને અમેરિકામાં ભય અને ઉત્તેજનાનું વાતાવરણ છે. અમેરિકાના ઘણા વિસ્તારોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. અમેરિકામાં સૂર્યગ્રહણને લઈને એર ટ્રાફિક અને એરપોર્ટને પણ ચેતવણી આપવામાં આવી છે. અમેરિકામાં લોકોને ખાદ્યપદાર્થો અને ગેસ જેવી આવશ્યક ચીજવસ્તુઓનો સ્ટોક રાખવા માટે કહેવામાં આવ્યું છે જેથી કરીને લોકોએ તે સમયે ઘર છોડવું ન પડે. જેમ જેમ દિવસ આગળ વધે છે તેમ આ સૂર્યગ્રહણ પણ ખતરનાક બની શકે છે.

રાજકોટ, શાપર, ગોંડલ અને જૂનાગઢમાંથી ૧૭ વાહનોની ચોરી કરનાર ઝડપાયો

રાજકોટ, છેલ્લા ચાર માસમાં રાજકોટમાંથી ૭, શાપરમાંથી ૩, ગોંડલમાંથી ૫ અને જૂનાગઢમાંથી ૧ મળી કુલ ૧૭ ટુ વ્હીલરની ચોરી કરી તરખાટ મચાવનાર મુકેશ લાભુભાઈ મારડીયા (ઉ.વ.૪૦, રહે. સડક પીપળીયા, તા. ગોંડલ, મૂળ ખાંભા ગાયકવાડી, કુંભારવાસ, તા. અમરેલી)ને ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો હતો. તેની પાસેથી ચોરાઉ ટુ વ્હીલર ખરીદનાર આશિષ વલ્લભ કાપડી (ઉ.વ.૩૪, રહે. ગુંદાસરા, તા. ગોંડલ, મૂળ વીરપુર)ની પણ ક્રાઈમ બ્રાંચે અટકાયત કરી હતી.

ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે મુકેશને ચોરાઉ બાઈક સાથે ઝડપી લીધા બાદ તેણે છેલ્લા ચાર મહિનામાં ૧૭ ટુ વ્હીલરની ચોરી કર્યાની કબૂલાત આપી હતી.

એટલું જ નહી ચોરાઉ ટુ વ્હીલર ફાઈનાન્સમાંથી ખેંચેલા છે તેમ કહી આશિષને વેચવા આપી દીધાની પણ કબૂલાત આપી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાંચે આશિષને પણ સકંજામાં લઈ રૂા. ૬.૭૫ લાખની કિમતના ૧૭ ટુ વ્હીલર કબ્જે કર્યા હતાં.

ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ જણાવ્યું કે મુકેશ કારખાનામાં મજૂરી કામ કરે છે. જે દિવસે રજા હોય તે દિવસે વાહનો ચોરવા નીકળી પડતો હતો. રાજકોટ શહેર, શાપર, ગોંડલ અને જૂનાગઢ જેવા શહેરોમાં જઇ હોસ્પિટલ અને હોટલ સહિતના સ્થળો પાસે પાર્ક હેન્ડલ લોક વગરના વાહનો થોડે સુધી દોરીને લઇ ગયા બાદ ડાયરેક્ટ છેડા કરી ચોરી કરી લેતો હતો.

આરોપી મુકેશ આ અગાઉ ૨૦૧૧ની સાલમાં જૂનાગઢ એલસીબીના હાથે ૨૭ ચોરાઉ વાહનોના કેસમાં પકડાઇ ચૂક્યો છે. તેના વિરૂધ્ધ જૂનાગઢ પોલીસમાં વાહન ચોરી અંગે પાંચેક ગુના પણ નોંધાયેલા છે. તે ચોરાઉ વાહનો મિત્ર આશિષને ફાઇનાન્સમાંથી ખેંચેલા વાહનો હોવાનું કહી રૂા. ૧૦ હજારથી લઇ રૂા. ૨૦ હજારમાં આપી દેતો હતો. જે વાહનો આશિષ તેના પરિચિતોને વેચી દેતો હતો.

ઓમર અબ્દુલ્લાના વલણથી મને અને મારા પક્ષના કાર્યકરોને દુ:ખ થયું છે : મહેબૂબા મુફ્તી

જમ્મુ અને કાશ્મીર,

જમ્મુ અને કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા પછી, રાજકીય ગઠબંધન 'પીપલ્સ અલાયન્સ ફોર ગુપકર ડિક્લેરેશન' અસ્તિત્વમાં આવ્યું. તેના મુખ્ય ઘટકો નેશનલ કોન્ફરન્સ અને પીડીપી હતા. પરંતુ, લોકસભાની ચૂંટણી પહેલા આ ગઠબંધનના રસ્તા અલગ થતા જોવા મળી રહ્યા છે.

નેશનલ કોન્ફરન્સે લોકસભા ચૂંટણી માટે તેના ઉમેદવારોની જાહેરાત કરવાનું શરૂ કર્યું ત્યારે તેની ઓળખ જોવા મળી હતી. આના પર મહેબૂબા મુફ્તીએ પણ તમામ સીટો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. નેશનલ કોન્ફરન્સના નિર્ણયથી પીડીપી (પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી)ના વડાને દુ:ખ થયું છે. તેણે પોતાની પીડા પણ વ્યક્ત કરી છે. મહેબૂબાએ કહ્યું કે, હું અને મારી પાર્ટીના કાર્યકરો ઓમર અબ્દુલ્લાના વલણથી દુખી છીએ. હું કેવી રીતે પીડિત કાર્યકરોને નેશનલ કોન્ફરન્સને સમર્થન આપવાનું કહી શકું? અમારી વચ્ચે I.N.D.I.A. ફારુક અબ્દુલ્લા વરિષ્ઠ નેતા હતા. તેઓ ફોન કરીને કહી શક્યા હોત કે તેઓ પોતે ચૂંટણી લડશે. અમે નક્કી કર્યું છે કે અમે લોકસભાની ચૂંટણી લડીશું. પીડીપીના વડાએ વધુમાં કહ્યું કે અમે કાશ્મીર વિભાગમાં લોકસભા ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. જમ્મુને લઈને હજુ પણ વાતચીત ચાલી રહી છે કારણ કે ઓમરે કોઈ રસ્તો છોડ્યો નથી.વિધાનસભાની ચૂંટણીને લઈને ઓમરે પ્રેસ કોન્ફરન્સમાં જે કહ્યું તે પણ દુ:ખદાયક છે.

જોકે, ઉમેદવારોના નામની જાહેરાત પાર્ટીના સંસદીય બોર્ડ દ્વારા કરવામાં આવશે. નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, અમે તેમની (PDP) ફોર્મ્યુલા પર કાશ્મીરની ત્રણ સીટો પર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ડીડીસી ચૂંટણીમાં અમે મહેબૂબા મુફ્તીને કહ્યું હતું કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના પરિણામો અનુસાર ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવે. પીડીપીને આ સ્વીકાર્ય ન હતું. તેમણે કહ્યું કે ઉમેદવારોના નામ લોકસભા ચૂંટણીના પરિણામોના આધારે નહીં પરંતુ ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીના પરિણામોના આધારે જાહેર કરવા જોઈએ. ઓમરે કહ્યું કે, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે તેઓ જ્યાંથી જીત્યા છે તે ત્યાંથી જ તેમના ઉમેદવારોના નામની જાહેરાત કરશે. હવે જો તેઓએ ૫ બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કરવાનું નક્કી કર્યું છે તો અમે શું કરી શકીએ. આ એ પણ દર્શાવે છે કે કદાચ તે હવે વિધાનસભા ચૂંટણીમાં પણ ગઠબંધન ઈચ્છતી નથી. અમે દરવાજો ખુલ્લો રાખ્યો હતો.

ચીને અરુણાચલ પ્રદેશમાં વધુ ૩૦ સ્થળોના નામ બદલી નાખ્યા

નવીદિલ્હી,

ચીને અરુણાચલ પ્રદેશને લઈને વધુ એક વિવાદાસ્પદ પગલું ભર્યું છે, જેમાં અરુણાચલ પ્રદેશના ૩૦ સ્થળોને પોતાનું હોવાનો દાવો કર્યો છે અને તેનું નામ ચીનમાં આપ્યું છે. ચીન પહેલેથી જ દાવો કરી રહ્યું છે કે અરુણાચલ પ્રદેશ તેનો હિસ્સો છે, જેના પર ભારતના વિદેશ મંત્રાલયે તાજેતરમાં જવાબ આપતા કહ્યું કે અરુણાચલ પ્રદેશ અમારો ભાગ હતો, છે અને હંમેશા રહેશે.

ભારત સતત ચીનને જડબાતોડ જવાબ આપી રહ્યું છે, તેમ છતાં ચીન પોતાના પગલાથી પીછેહઠ કરી રહ્યું નથી. તેના બદલે, તે અરુણાચલ પ્રદેશમાં સતત તેની છાપ વિસ્તારી રહી છે. ચીનના નાગરિક બાબતોના મંત્રાલયે આ સ્થળોના નામ અને ભૌગોલિક સ્થાનો પણ જાહેર કર્યા છે. અરુણાચલ પ્રદેશના જે ૩૦ સ્થળો પર ચીને વાહિયાત દાવા કર્યા છે તેમાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ પર્વતો, ચાર નદીઓ, એક તળાવ, એક પાસ છે. અને ત્યાં ખાલી જમીન છે. ચીન અરુણાચલ પ્રદેશને પોતાનો દાવો કરે છે અને તેનું નામ જીજાંગ રાખે છે. પરંતુ હવે સાઉથ ચાઈના રિપોર્ટ અનુસાર, માહિતી સામે આવી છે કે ચીની નાગરિક બાબતોના મંત્રાલયે શનિવારે અરુણાચલ પ્રદેશમાં ૩૦ વધુ સ્થળોના નામ બદલી નાખ્યા છે, જેને તે ઝંગનાન અથવા તિબેટનો ભાગ કહે છે. જેમાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ પર્વતો, ચાર નદીઓ, એક તળાવ, એક પાસ અને એક ખાલી જમીન છે.

જો કે જે જગ્યાઓના નામ બદલવામાં આવ્યા છે તેના નામ હજુ જાહેર કરવામાં આવ્યા નથી. આ વિસ્તારોના નામ ચાઈનીઝ અક્ષરો, તિબેટીયન લિપિમાં લખવામાં આવ્યા છે. તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અરુણાચલ પ્રદેશની મુલાકાત લીધી હતી અને પીએમ મોદીએ હાલમાં જ અરુણાચલ પ્રદેશમાં સેલા ટનલનું ઉદ્ઘાટન કર્યું હતું, જેના પછી ચીન સ્તબ્ધ થઈ ગયું છે. પીએમની મુલાકાત પછી, ચીનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા કર્નલ ઝાંગ શિયાઓગાંગે ૧૫ માર્ચે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે તે ભારતીય નેતાઓની અરુણાચલની મુલાકાતનો વિરોધ કરે છે. જે બાદ ચીનનું આ નિવેદન સામે આવ્યું છે. જેમાં ચીને કહ્યું હતું કે જીજાંગ (અરુણાચલ પ્રદેશનું ચીની નામ) ચીનનો એક ભાગ છે અને ચીન ભારતના કહેવાતા અરુણાચલ પ્રદેશને ક્યારેય સ્વીકારશે નહીં અને તેનો સખત વિરોધ કરશે. જોકે, ભારતીય વિદેશ મંત્રાલયે ચીનને જડબાતોડ જવાબ આપતા કહ્યું કે, ભારતે ચીનના આવા દાવાઓને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. ભારતના વિદેશ મંત્રાલયે ગુરુવારે અરુણાચલ પ્રદેશને પોતાનો હિસ્સો હોવાનો દાવો કરતા સતત નિવેદનો પર ટિપ્પણી કરી. વિદેશ મંત્રાલયે કહ્યું કે બેઈજિંગ તેના વાહિયાત દાવાઓનું કેટલી વાર પુનરાવર્તન કરે, તે અમારું વલણ બદલશે નહીં કે અરુણાચલ પ્રદેશ અમારો ભાગ હતો, છે અને હંમેશા રહેશે.

નેપાળમાંથી ચાઈનીઝ લસણની દાણચોરી કરવામાં આવી રહી છે

ચીની લસણએ ભારતીય કસ્ટમ અધિકારીઓને એલર્ટ કરી દીધા છે. તાજેતરમાં મોટા પ્રમાણમાં ચાઈનીઝ લસણ ભારતમાં દાણચોરી કરતા પકડાયા બાદ સત્તાવાળાઓએ કસ્ટમ પોસ્ટ પર દેખરેખ વધારી છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલમાં આ બાબત સાથે સંકળાયેલા લોકોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે કસ્ટમ અધિકારીઓએ સ્નિફર ડોગ્સ તૈનાત કર્યા છે અને હોલસેલર્સ અને વેરહાઉસમાં તેમની સ્થાનિક ગુપ્તચરોને ચેતવણી આપી છે. આ તમામ કવાયત નેપાળ અને બાંગ્લાદેશની સરહદેથી ચાઈનીઝ લસણની દાણચોરી રોકવા માટે કરવામાં આવી રહી છે. ચાઈનીઝ લસણમાં ફૂગની શક્યતા છે. વધુમાં, તેમાં જંતુનાશકોનું પ્રમાણ વધુ હોય છે. આ જ કારણ હતું કે વર્ષ ૨૦૧૪માં ભારત સરકારે આ લસણ પર પ્રતિબંધ મૂક્યો હતો. રિપોર્ટમાં કસ્ટમ અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ખાસ કરીને બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ચાઈનીઝ લસણની દાણચોરીના કેસમાં વધારો થયો છે. જેમાં નેપાળ થઈને લસણ લાવવામાં આવે છે. ભારતે ૨૦૧૪માં ચીની લસણની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. લસણમાં મોલ્ડ હોવાના અહેવાલો બાદ આ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. દાણચોરી કરાયેલા લસણમાં જંતુનાશકોનું પ્રમાણ વધુ હોવાની પણ આશંકા છે. ગયા મહિને, કસ્ટમ અધિકારીઓએ સિક્તા લેન્ડ કસ્ટમ પોસ્ટ પર રૂ. ૧.૩૫ કરોડની કિંમતના ૬૪,૦૦૦ કિલો ચાઈનીઝ લસણના શિપમેન્ટને અટકાવ્યું હતું. સ્થાનિક બજારમાં લસણના ભાવમાં વધારો અને નિકાસમાં તીવ્ર વધારાને કારણે દાણચોરીમાં વધારો થયો છે. ઉદ્યોગના આંતરિક સૂત્રોના અંદાજ મુજબ દેશમાં ચાઈનીઝ લસણનો સ્ટોક ૧,૦૦૦ થી ૧,૨૦૦ ટન છે. ગયા વર્ષે નવેમ્બરથી કિંમતો લગભગ બમણી થઈને ૪૫૦-૫૦૦ પ્રતિ કિલો થઈ ગઈ છે. છેલ્લા કેટલાક મહિનામાં ભાવમાં થયેલા ઉછાળા પાછળના મુખ્ય કારણો પાકની ખોટ અને વાવણીમાં વિલંબ છે. બજારમાં ચાઈનીઝ જાતના લસણના આગમન બાદ સ્થાનિક વેપારીઓએ સરકાર સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે.

પપ્પુ યાદવે ફરી એકવાર પૂર્ણિયા લોકસભા સીટને લઈને અવાજ ઉઠાવ્યો

પટના,

પપ્પુ યાદવ પૂર્ણિયા સીટ અંગે સહમત થવા બિલકુલ તૈયાર નથી. તેણે ફરી એકવાર ગર્જના કરી. પપ્પુ યાદવે કહ્યું છે કે પૂર્ણિયાના લોકો કોઈના ગુલામ નથી. હું મારા નેતાના આદેશની રાહ જોઈ રહ્યો છું. પપ્પુ યાદવ સતત આ સીટની માંગ કરી રહ્યા છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે તેઓ ફરી એકવાર આરજેડી સુપ્રીમોને વિનંતી કરશે. તેમણે કહ્યું કે દિલ્હી પટનાની રાજનીતિથી દૂર છે. કોંગ્રેસ નેતા પપ્પુ યાદવે એક વીડિયો પોસ્ટમાં કહ્યું કે હું ફરી એકવાર લાલુ યાદવને વિનંતી કરીશ. હું પણ તેના પરિવારનો એક ભાગ છું. તે પોતાના ૨-૪ બાળકોને પરિવાર માને છે પણ અમારો ભાઈચારો હંમેશા રહ્યો છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે ભૂતકાળમાં પણ જ્યારે પણ લાલુ પરિવાર મુશ્કેલીમાં આવ્યો ત્યારે હું તેની સાથે ઉભો રહ્યો છું. ગઠબંધનનું રાજકારણ મારા માટે અંગત રીતે નથી.

પપ્પુ યાદવે વધુમાં કહ્યું કે એ અલગ વાત છે કે આજે દેશ ગઠબંધનની રાજનીતિમાં અટવાયેલો છે. પૂર્ણિયાના લોકો કોઈના ગુલામ નથી અને દિલ્હી અને પટનાની રાજનીતિથી દૂર છે. અહીંના લોકો તેમના પુત્રોને પ્રેમ કરે છે. મને રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીમાં વિશ્વાસ છે. બિહારમાં કેટલાક લોકો નથી ઈચ્છતા કે પાર્ટી વધુ મજબૂત બને. હું મારા નેતાના આદેશની રાહ જોઈ રહ્યો છું. તેથી, અમે અમારા બંને નેતાઓના વિશ્વાસ અને લોકોની લાગણીના આધારે ૪ એપ્રિલે ઉમેદવારી નોંધાવવાનું નક્કી કર્યું છે. પૂર્ણિયાને લઈને પોતાની જીદ પર અડગ રહેલા પપ્પુ યાદવે મોડી રાત્રે એક ટ્વિટ કરીને લાલુ યાદવને અપીલ કરી હતી.

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર્સ, અંધેરી – કુર્લા રોડ, અંધેરી(ઈસ્ટ), મુંબઈ –૪૦૦૦૫૯, ભારત
શાખા ઓફિસ : પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મેહસાણા હાઈવે, મેહસાણા–૩૮૪૦૦૨.

(કાયદા નં.૮(૬)ની જોગવાઈ જૂઓ)
સ્થાયી મિલકતના વેચાણ માટે નોટિસ

સિક્યુરીટાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)કાયદા, ૨૦૦૨ના કાયદા ૮(૬)ની જોગવાઈ સાથે વાંચતા તે હેઠળ સ્થાયી મિલક્તોના વેચાણ માટે ઈ–નિલામી નોટિસ જાહેર જનતા તથા નીચે જણાવેલા દેવાદારો અને જામીનદારોને આપવામાં આવી છે. આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.ના સત્તાવાર અધિકારી દ્વારા ગિરો મુકેલી મિલક્તોનો ભૌતિક કબજો લેવામાં આવેલ છે, આ ગિરો મિલક્તોની વિગતો નીચે જણાવામાં આવી છે. આ સ્થાયી ગિરોમિલક્તો, જે છે જ્યાં છે, જે છે જેવી છે અને જે કંઈ પણ આધાર છે અને કોઈ પણ આધાર વગર નીચે ટેબલમાં જણાવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	દેવાદારોનું/સહ દેવા – દારોનું /જામીનદારો/ કાયદાકીય વારસદારોનું નામ	જામીન મુકેલ મિલક્તોની વિગતો અને જાણીતા બોજા સાથે, જો હોય તો	બાકી લેણાં રકમ(રૂા)	અનામત કિંમત બાનાની થાપણ કિંમત	મિલકત નિરિક્ષણની તારીખ અને સમય	ઈ–નિલામિની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧	સુસાંતા માજી (દેવાદાર) પુજા સુસાંતા માજી (સહ દેવાદાર) ચિરંજીત સમર સેનાપતી (જામીનદાર) લોન ખાતા નં. **LHPAA 0000 1281020**	પ્લોટનં.૪૩, રેવન્યુ સર્વે નં.૯૨૧ પૈકી માંથી , સરનાલપતી સિમ, કુબેરનગર સોસાયટી ખાતે સ્થિત, પાટણ, તાલુકો અને જીલ્લો પાટણ	રૂા.૮,૩૬, ૬૨૦.૦૦/- માર્ચ ૨૮, ૨૦૨૪	રૂા.૮,૦૦, ૧૦૦/- રૂા.૮૦,૦૧૦/-	મેં ૦૬, ૨૦૨૪ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાકની વચ્ચે	મેં ૧૫, ૨૦૨૪ના રોજ બપોરના ૨-૦૦ થી ૩-૦૦ ક્લાક

ઓનલાઈન ઈ-નિલામી આપણી ઈ-નિલામી એજન્સી ગ્લોબટેક દ્વારા **(URL Link-/https://BestAuctionDeal.com)** ઉપર યોજવામાં આવશે.
ગીરવેદારોને આગળના વ્યાજ સાથે કુલ બાકી લેણાં રકમ મેં ૧૪,૨૦૨૪ નારોજ સાંજે ૫-૦૦ ક્લાક પહેલાં ચુકતે કરવા માટે આખરી તક આપવામાં આવે છે, અન્યથા ઉપરોક્ત ગીરો મિલકત ઉપરોક્ત અનુસૂચિ પ્રમાણે વેચાણ કરી દેવામાં આવશે.
રસ ધરાવતા બિડરોએ તેમની બાનાની થાપણ કિંમત (ઈએમડી)ની રકમ આરટીજીએસ / ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા મેં ૧૪,૨૦૨૪ના રોજ સાંજે ૪-૦૦ ક્લાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.,પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મેહસાણા હાઈવે, મેહસાણા-૩૮૪૦૦૨ ખાતે જમા કરાવવાની રહેશે (કોલમ-ઈ જોશો). ખાસ ધ્યાન આપો કે જો રસ ધરાવતા બિડરો ઉપરોક્ત સમય સુધીમાં તેમની ઓફર સબમિટ કરી શકતા નથી તો ટેન્ડર દસ્તાવેજોની સાઈન કરેલી કોપીને મેં ૧૪,૨૦૨૪ના રોજ સાંજે ૫-૦૦ ક્લાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.,પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મેહસાણા હાઈવે, મેહસાણા-૩૮૪૦૦૨ ખાતે સબમિટ કરી શકે છે. બાનાની થાપણ કિંમત (ઈએમડી)નો ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) નેશનલાઈઝડ/ શેડ્યુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.-ઓક્શન નામનો પેયેબલ એટ પાટણ નો બનાવીને જમા કરાવાનો રહેશે. મિલકત નિરિક્ષણ કે ઈ-નિલામીના નિયમો અને શરતો કે ટેન્ડર ના સબમિશનને લગતી વધુ જાણકારી માટે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ. ના સેલ્સ અને માર્કેટિંગ ના ભાગીદાર નેક્ષઝેન સોલ્યુશન્સ પ્રા.લિ.નો ૯૯૨૦૮૦૭૩૦૦ ઉપર સંપર્ક કરી શકો છો. સત્તાવાર અધિકારીને કોઈ જાતના કારણો આપ્યા વિના કોઈ એક બિડ કે દરેક બિડને નકારવાનો સંપૂર્ણ હક છે.
વિગતવાર વેચાણને લગતા નિયમો અને શરતો માટે કૃપા કરી **https://www.icicihfc.com/** ની મુલાકાત લેશો.

તારીખ : એપ્રિલ ૦૬, ૨૦૨૪
સ્થળ : પાટણ

સહીં અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ